**<u>– :: આંક – ૧ હેઠળ હુકમ ::–</u>**

(૧) હાલના કામના કેસ પેપર્સ વંચાણે લીધા. હાલનો કેસ પોલીસ તપાસના ચાર્જશીટ આધારેનો સમન્સ ટ્રાયબલ કેસ છે, આરોપીને હાજર રાખવા વારંવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે. છતાં, આરોપીને પ્રોસેસ બજેલાનું રેકર્ડ ઉપર જણાય આવતું નથી, સમન્સ/વોરંટ વગર બજયે પરત થયેલો છે, જેથી આ કેસની કાર્યવાહી આગળ વધી શકતી નથી, અને છેલ્લા ઘણા સમયથી કોઈ પ્રોગ્રેસ નથી, આ કામે આંક–૦૪ થી સરપંચશ્રી આદરોડા ગ્રામ પંચાયત, તા.બાવળાનો દાખલો વંચાણે લેતા , તેમા જણાવેલ છે કે, સદર આરોપી કોઇને પણ કીધા વગર જતા રહયા છે અને તેઓ અત્યારે કયા રહે છે તેની કોઇપણ વ્યકિત કે ગ્રામજનોને ખબર નથી અને કયારે પાછા આવશે તેની પણ ખબર નથી.નજીકનાં ભવિષ્યમાં કેસ આગળ ચાલી શકે તેવી કોઈ શકયતા જણાતી નથી, તેમજ કેસની કાર્યવાહી ચાલુ રાખવાથી પણ કોઈ ફળદાયક પરીણામ મળવાની શકયતા જણાતી નથી. હાલનો કેસ આરોપી વિરૂધ્ધ ચાલુ રાખવામાં આવે તો આરોપી વિરૂધ્ધ વારંવાર બિનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ કરવા પડે, અને ફાઈલ નિયમિત રીતે બોર્ડ ઉપર ફરતી રાખવામાં આવે, તે સંજોગોમાં આવા પ્રકારની નોન ઈફેકટીવ ફાઈલ ફરતી રાખવામાં કોર્ટના કિંમતી સમયનો બગાડ થાય તેમ છે આથી નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ મુજબ આરોપી અલ્પેશ જીવરામભાઇ નાયકનાઓની સામે પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબ તહોમત માટે આરોપી સામે કેસ કાર્યવાહી બંધ કરી, કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. તથા આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ નો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ ૧૧ મી, માહે–જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

બાવળા

તા ૧૧/૦૭/૨૦૨૬

**( વિશુ શક્તિદિપસિંહ ઝાલા )**
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુ.મેજી.ફ.ક.બાવળા.
UIC No.GJ-01669